# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૯ તા.૨૧-૦૬-૨૦૨૨

ફકત જ્ઞાનકુંજ શાળાઓ માટે :-

આથી નગર પ્રા.શિ.સમિતિની તમામ ફેઝ-2ની ૧૦૨જ્ઞાનકુંજ મ્યુનિ. ઉચ્ચતર પ્રા.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનુંકેજ્ઞાનકુંજ પ્રોજેકટ અંતર્ગત શાળાઓમાં ધોરણ ૬,૭ તથા ૮ ના તમામ વર્ગખંડ દીઠ એક લેપટોપ આપવામાં આવેલ છે.જેમાં સ્ટેટ પ્રોજેકટ કચેરી,ગાંધીનગરની સુચના મુજબ આ વર્ગોના લેપટોપમાં જી-શાળા સોફ્ટવેરઇન્સ્ટોલેશનની કામગીરી કરવાની થાય છે.જે માટે યુ.આર.સી કક્ષાએ જ્ઞાનકુંજ પ્રોજેકટના ટી.એસ.પી,બ્લોક એમ.આઈ.એસ તથા ઝોન ઓપરેટર આ સોફ્ટવેર ઇન્સ્ટોલેશનની કામગીરી કરવાની હોવાથી ફેઝ-2ની ૧૦૨જ્ઞાનકુંજ મ્યુનિ. ઉચ્ચતરપ્રા.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓએ પોતાની શાળાના લેપટોપ યુ.આર.સી કો.ઑની સુચના મુજબ કક્ષાએસોફ્ટવેર ઇન્સ્ટોલ માટે લઈ જવાના રહશે.

- જી-શાળાના સોફ્ટવેરઇન્સ્ટોલેશનની કામગીરી જે તે યુ.આર.સી કો.ઑની કચેરીએથી જ કરાવવાની રહશે.
- જી-શાળાના સોફ્ટવેર ઇન્સ્ટોલ કર્યા બાદ જે તે શાળાનાલેપટોપમાં વર્ગશિક્ષકશ્રીઓએતેમના ટીચર કોડ તથા શાળાના વિધાર્થીઓએ આધાર ડાયસના ચાઇલ્ડ યુનીક કોડથી લૉગીન કરી ચેક કરી લેવાનું રહશે.
- જી-શાળાએપ્લિકેશન મોબાઇલમાં વપરાશ માટે વર્ગશિક્ષકશ્રીઓએતેમના ટીચરકોડ તથા શાળાના વિધાર્થીઓએ આધાર ડાયસના ચાઇલ્ડ યુનીક કોડથી વાપરી શકાય છે.
- જી-શાળાના સોફ્ટવેર ઇન્સ્ટોલ કર્યા બાદ શાળામાં વર્ગ શિક્ષકશ્રીઓએજી-શાળા સોફ્ટવેરના વપરાશ દરમ્યાન ઇન્ટરનેટથી કનેક્ટ રાખવાનું રહશે જેથી સ્ટેટ પ્રોજેકટ કચેરી,ગાંધીનગર દ્વારા મોનીટરીંગ કરી શકાય.
- જી-શાળાના સોફ્ટવેર ઇન્સ્ટોલ કર્યા બાદકોઈ પણ ટેકનીકલ ઇસ્યુ માટે શાળાઓએ જ્ઞાનકુંજ પ્રોજેકટના ટી.એસ.પી અથવા બ્લોક એમ.આઈ.એસનો સંપર્ક કરવાનો રહશે.

તા.૨૧-૦૬-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૯-A તા.૨૧-૦૬-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય: આધાર ડાયસ Child Tracking System(CTS)અંતર્ગત ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૨૨-૨૩માટે માહિતી અદ્યતન કરવા ને નવા પ્રવેશ પામેલ બાળકોની એન્ટ્રીની કામગીરી કરવા બાબત.**

**સંદર્ભ : એસ.એસ./MIS/CTS/2022-23/21151-224.તા.18/06/2022**

આથી તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષા મંત્રાલય (MoE – Ministry of Education), ભારત સરકાર દ્વારા મળેલ સૂચના મુજબ ધોરણ-૧ થી ૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓનો યુનિક આઇ.ડી. અને નામ સહિતની માહિતીનો ડેટાબેઝ બનાવવાનો થાય છે. સદર અંગે Child Tracking System(CTS) અંતર્ગત ધોરણ-૧ થી ૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓની માહિતી સાચી, સચોટ, ભૂલરહિત, રીઅલ ટાઇમ અને અદ્યતન માહિતી શાળા કક્ષાએથી મળી રહે તે હેતુથી શાળા કક્ષાએથી જ ઓનલાઇન એન્ટ્રી/અપડેશન/ટ્રેકીંગની કામગીરી સફળતા પૂર્વક દર વર્ષે કરવામાં આવે છે.

સમગ્ર શિક્ષા અંતર્ગત કાર્યરત વેબ/મોબાઈલ એપ્લીકેશન જેવી કે, Online Attendance System, School Monitoring App, WSDP-Civil Works, Divyaan-App, G-shala, Teacher Portal, Migration Monitoring Application, Shala Swachhta Gunak, Gujarat Career Portal, Book fair, ટ્રાન્સપોર્ટેશન-સિસ્ટમ (VTS), ગુણોત્સવ, SARAL એપ્લીકેશન, શાળા છોડી જતા વિદ્યાર્થીઓને ફરી શાળામાં દાખલ કરવા, SARAL App, SWAMulyakan 2.0, સેમિસ્ટર મુજબ પીરીયોડીકલ એસએસમેન્ટ ટેસ્ટ (PAT) વિષયવાર મેળવેલ ગુણની ઓનલાઇન એન્ટ્રી કરવા વિગેરે જેવી એપ્લીકેશનમાં વિદ્યાર્થીઓની માહિતી CTS એપ્લીકેશનમાંથી લેવામાં આવે છે. ગુજરાત સરકારના અન્ય વિભાગની વેબ/મોબાઈલ એપ્લીકેશન જેવી કે Digital Gujarat Portal, ITI એડમિશન, રાજ્ય પરિક્ષા બોર્ડ, અને CM-Dashboard પોર્ટલમાં જરૂરિયાત મુજબનો વિદ્યાર્થીઓનો ડેટા CTS મારફત પૂરો પાડવામાં આવે છે જેના કારણે CTS એપ્લીકેશનની કામગીરીમાં સફળતા મળેલ છે.

વધુમાં જણાવવાનું કે, વર્ષ ૨૦૨૨-૨૩ માટે ધોરણ-૧ માં નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની એન્ટ્રી તથા ધોરણ-૨ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના નામ સહિતના ડેટાને CTS એપ્લીકેશનમાં અપડેશન કરી અદ્યતન માહિતી તૈયાર કરવાની થાય છે.**વર્ષ ૨૦૨૨-૨૩ થી ધોરણ-૧માં નવો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની CTS એપ્લીકેશનને જન્મ નોંધણી એપ્લીકેશન (Civil Registration System) સાથે લીંક કરવામાં આવેલ છે. જેથી CTS એપ્લીકેશનમાં ધોરણ-૧માં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની ઓનલાઈન એન્ટ્રી શાળા કક્ષાએથી કરવા માટે જન્મનું પ્રમાણપત્ર (Birth Certificate) સાથે રાખી એન્ટ્રી કરવાની રહેશે.**

વર્ષ ૨૦૨૨-૨૩ અન્વયે તમામ બોર્ડ દ્વારા સંચાલિત (સરકારી/MSB/ગ્રાન્ટેડ/આશ્રમ/ટ્રાયબલ/ખાનગી/ કેજીબીવી/મોડેલ/મોડેલ-ડે/કેન્દ્રીય/સૈનિક/રેલ્વે વિગેરે) રાજ્યની તમામ શાળાઓએ ધોરણ-૧ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે Child Tracking System(CTS) અંતર્ગત શાળા કક્ષાએ મુખ્યત્વે નીચે મુજબની કામગીરી કરવાની થાય છે. જેમ કે,

1. **વર્ષ ૨૦૨૨-૨૩માં ધોરણ-૧માં નવો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની એન્ટ્રી જન્મના પ્રમાણપત્ર મુજબ કરવાની રહેશે.**
2. **વર્ષ ૨૦૨૧-૨૨માં નોંધાયેલ ધોરણ-૧થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની માહિતી વર્ષ ૨૦૨૨-૨૩ માટે અપડેટ કરવાની રહેશે.**
3. **વર્ષ ૨૦૨૨-૨૩માં "અન્ય શાળામાંથી બીજી શાળામાં" આવેલ ધોરણ-૧ થી ૧૨ વિદ્યાથીઓની માહિતી મેળવી જે ધોરણમાં અભ્યાસ કરતા હોય તે ધોરણમાં ટ્રેક કરવાના રહેશે.**

4. દિવ્યાંગ વિદ્યાર્થીની માહિતીમાં ક્રમ નંબર-25 થી ક્રમ નંબર-29માં નવા ફિલ્ડ ને ધ્યાને લઈ ધોરણ-૧ની નવી એન્ટ્રી અને ધોરણ-૨ થી ૧૨નું અપડેશન/ટ્રેકિંગની માહિતી અપડેટ કરવાની રહેશે.

5. ધોરણ-૫ માંથી ધોરણ-૬માં, ધોરણ-૮ માંથી ધોરણ-૯માં અને ધોરણ-૧૦ માંથી ધોરણ-૧૧માં પ્રવેશેલ વિદ્યાર્થીઓને પણ તે જ શાળામાં કે અન્ય શાળામાં દાખલ થયેલ છે કે કેમ તે જે શાળામાંથી વિદ્યાર્થી અન્ય શાળામાં જતો હોય તે મૂળ શાળાએ સુનિશ્ચિત કરી લેવાનું રહેશે.

6. ધોરણ-૮ અને ધોરણ-૧૦માં વિદ્યાર્થીઓ જે તે શાળામાંથી અન્ય શાળામાં દાખલ થવાના બદલે વોકેશનલ એજયુકેશન, ITI વગેરેમાં અભ્યાસ અર્થે ગયેલ હોય તો ઓનલાઇન અપડેશનના રીમાર્કસ કોલમમાં વિગત દર્શાવવાની રહેશે અને જો ભણવાનું છોડી દીધેલ હોય તો તેનું કારણ દર્શાવવાનું રહેશે.

માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા શરૂ કરેલ **CM-DASHBOARD પોર્ટલમાં** શાળાવાર ધોરણ -૧માં નવો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની માહિતી, અપડેશનની માહિતી અને કેટલા વિદ્યાર્થીઓ અન્ય શાળામાંથી બીજી શાળામાં ટ્રેકીંગ થયા તેની માહિતી રોજે રોજ અદ્યતન Child Tracking System(CTS) એપ્લીકેશન માંથી આપવામાં આવે છે. જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

આ અંગે થયેલ કામગીરીનું મોનીટરીંગ કરવા માટે રોજે રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી/ શાસનાધિકારીશ્રીએ જિલ્લા એમ.આઈ.એસ કો.ઓર્ડિનેટર પાસેથી ધોરણ -૧, ધોરણ-૨ થી ૧૨નું અપડેશન/ટ્રેકિંગનો રિપોર્ટ મેળવવાનો રહેશે. તેમજ આ કામગીરીની અગત્યતા સમજી તાત્કાલીક અસરથી આ કામગીરી શરૂ કરી તારીખ:૩૦/૦૮/૨૦૨૨ સુધીમાં પૂર્ણ થાય તે રીતે સામેલ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ મુજબ કામગીરી કરવા અંગે આપની કક્ષાએથી જરૂરી આયોજન કરવા તેમજ શાળા કક્ષાએ જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

બિડાણ:

પરિશિષ્ટ-૧ - શાળા કક્ષાની કામગીરી

પરિશિષ્ટ-૨ - જિલ્લા/તાલુકા કક્ષાની કામગીરી

## પરિશિષ્ટ -૧

❖ **આધાર ડાયસ અંતર્ગત શાળા કક્ષાએથી નીચે મુજબની સુચના મુજબ કામગીરી કરવાની રહેશે.**

- વર્ષ ૨૦૨૨-૨૩માં શાળાના મુખ્ય શિક્ષક/આચાર્ય/શિક્ષકે શાળાના લોગીનમાંથી ધોરણ–૧ની એન્ટ્રી અને ધોરણ–૨ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓની માહિતી અપડેશન/ટ્રેક કરવાની કામગીરી કરવાની રહેશે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં શાળાના મુખ્ય શિક્ષક/આચાર્ય/શિક્ષકે ધોરણ–૧ની એન્ટ્રી **અંગ્રેજીમાં** જ કરવાની રહેશે.
- વિદ્યાર્થીના જન્મના પ્રમાણપત્ર મુજબ વિદ્યાર્થીઓના જન્મ જે જિલ્લા, તાલુકા અને પંચાયત અને ગામ/શહેરમાં થયો હોય તે સિલેક્ટ કરવાનું રહેશે.
- ત્યારબાદ વિદ્યાર્થીનો જન્મ નોંધણી ક્રમાંક (Regitration No)અને કયા વર્ષમાં જન્મ થયેલ છે તે દાખલ કરવાનો રહેશે.
- જન્મના દાખલા મુજબ વિદ્યાર્થીઓની માહિતી એન્ટર કરતાં, Civil Registration System (CRS) એપ્લીકેશનમાંથી વિદ્યાર્થીની મળેલ માહિતી સાચી હોય તો "Yes" કરવાનું રહેશે અને જો ડેટા સાચો ના મળે તો "NO" સિલેક્ટ કરવાનું રહેશે. જન્મ નોંધણી એપ્લીકેશનમાંથી મળેલ ડેટામાં કોઈ પણ સુધારો કરી શકાશે **નહીં**.
- જન્મ નોંધણી મુજબ મળેલ ડેટા જેમ કે, વિદ્યાર્થીઓનું નામ, પિતાનું નામ, માતાનું નામ, અટક, જન્મ તારીખ આ ડેટા CTSના ફિલ્ડમાં પણ ઓટોમેટીક દાખલ થઈ જશે. જો આ ડેટામાં સુધારા જણાય તો CTSના ફિલ્ડમાં સુધારા કરી ઓનલાઇન એન્ટ્રી માટેના વધારાના ફિલ્ડ ઓપન થશે અને વિદ્યાર્થીની ડેટા એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશે.

❖ **દિવ્યાંગ વિદ્યાર્થીઓની માહિતીમાં મુદ્દા નં.25 થી 29 નંબરમાં નીચે મુજબની વિગતો ઉમેરવામાં આવી છે.**

- ક્રમ નંબર - 25 જો દિવ્યાંગ વિદ્યાર્થી હોય તો **"હા"** પસંદ કરવું.
- ક્રમ નંબર - 26 "હા" પસંદ કરેલ હશે તો **દિવ્યાંગતાનો પ્રકાર** પસંદ કરવાનો રહેશે.
- ક્રમ નંબર - 27 જો દિવ્યાંગતાનું પ્રમાણપત્ર મેળવેલ હોય તો **"હા"** પસંદ કરવું.
- જો દિવ્યાંગતા પ્રમાણપત્રમાં **"હા"** પસંદ કરવામાં આવશે તો ક્રમ નંબર - 27.1 પ્રમાણપત્ર નંબર અને ક્રમ નંબર - 27.2 માં દિવ્યાંગતાની કેટલા ટકા છે તેની ટકાવારી લખવાની રહેશે.
- ક્રમ નંબર - 27.3 જો દિવ્યાંગતા પ્રમાણપત્ર મેળવેલ **"ના"** હોય તો તેના કારણો પૈકી લાગુ પડતું કારણ પસંદ કરવાનું રહેશે. જો "Other/અન્ય" કારણ પસંદ કરવામાં આવેલ હશે તો ક્રમ નંબર - 27.4 માં અન્ય જે કારણ હોય તે લખવાનું રહેશે.**(માત્ર અંગ્રેજીમાં જ લખવાનું રહેશે.)**
- ક્રમ નંબર - 28 જો દિવ્યાંગ વિદ્યાર્થીએ UDID કાર્ડ નંબર મેળવેલ હોય તો તેનો નંબર લખવાનો રહેશે. ક્રમ નંબર - 28.1 UDID કાર્ડ મેળવેલ હોય તો કાર્ડ ઈસ્યુ કર્યા તારીખ લખવાની રહેશે.
- ક્રમ નંબર - 28.2 UDID કાર્ડ મેળવેલ હોય તો તે કાર્ડ ક્યાં સુધી માન્ય (Permanent or Temporary) છે? તે સિલેક્ટ કરવાનું રહેશે.
- ક્રમ નંબર – 29 દિવ્યાંગ વિદ્યાર્થીએ તાલુકા/જિલ્લા સ્તરે સાધન-સહાય ઉપકરણ શિબિરમાં ભાગ લીધેલ હોય તો "હા" પસંદ કરવાનું રહેશે. જો હા હોય તો ક્રમ નંબર - 29.1 સાધન-સહાય માં સાધન-સહાય મેળવેલ હોય તે એક પછી એક પસંદ કરવાની રહેશે. અને ક્રમ નંબર - 29.2 CwSN (દિવ્યાંગ) દ્વારા પ્રાપ્ત/ઉપલબ્ધ કઇ જોગવાઈઓ મેળવેલ છે તે આપેલ વિકલ્પ પૈકી લાગુ પડતો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં ધોરણ–૨ થી ૧૨ ધોરણવાર એક–એક વિદ્યાર્થીઓને અપડેટ કરવા કે બલ્કમાં અપડેશન કરવા માટે શાળાએ જે તે લીંક ઉપર કલીક કરતાં વિદ્યાર્થીઓની માહિતી ઓનલાઈન અપડેટ કરી શકાશે. અપડેશન કરવાનું બાકી હોય તો RED બટન દર્શાવશે અને અપડેશન કરવાનું બાકી નહી તો GREEN બટન દર્શાવશે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં ધોરણ–૧ થી ૧૨ના અન્ય શાળામાંથી ટ્રાન્સફર લઈને આવેલા વિદ્યાર્થીઓનો "**૧૮ અંકનો યુનિક કોડ**" એન્ટર કરીને Search પ્રેસ કરવાથી વિદ્યાર્થીની તમામ માહિતી આવી જશે, ત્યારબાદ વિદ્યાર્થીનો નવો પ્રવેશ નંબર (જી.આર. નંબર) અને વિદ્યાર્થીની ખૂટતી માહિતી ભરીને વિદ્યાર્થીઓને ટ્રેક કરવાનો રહેશે.
- શાળાના તમામ વિદ્યાર્થીઓની માહિતી ભરાય તે શાળાના આચાર્યશ્રીની જવાબદારી રહેશે. વિદ્યાર્થીની માહિતી ખોટી હશે કે ભરવાની રહી જશે જેના કારણે યુનિક આઈ.ડી. આધારે થતાં ઓનલાઇન હાજરી, SWAMulyakan 2.0, G-Shala, સેમિસ્ટર મુજબ પીરીયોડીકલ એસએસમેન્ટ ટેસ્ટ (PAT) વિષયવાર મેળવેલ ગુણની ઓનલાઇન એન્ટ્રી કે અન્ય લાભો મેળવવામાં વિદ્યાર્થીઓ રહી જશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.
- ઉપરોક્ત તમામ વિદ્યાર્થીઓની માહિતી સમયાંતરે ઓનલાઈન શાળા કક્ષાએ અપડેટ કરવાની રહેશે, અને શાળા કક્ષાએ હાર્ડકોપીમાં અપડેટ કરેલી માહિતીનું આચાર્ય/મુખ્ય શિક્ષકએ એસએમસીના અધ્યક્ષના સહી/સિકકા કરી પ્રમાણીત કરાવવાના રહેશે અને તમામ ફોર્મ જે તે શાળા કક્ષાએ રેકોર્ડ અર્થે ફાઈલમાં રાખવાનું રહેશે.
- સરકારી/ગ્રાન્ટેડ/આશ્રમ/ટ્રાયેબલ/કેન્દ્રિય/રેલ્વે/સૈનિક/ખાનગી શાળાઓએ લોગીન કરીને CTS અંતર્ગત એન્ટ્રી, અપડેશન અને ટ્રેકિંગની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે જેની નોધ દરેક શાળાઓએ લેવી.

## **પરિશિષ્ટ -૨**

❖ **આધાર ડાયસ અંતર્ગત તાલુકા કક્ષાએથી નીચે મુજબની સુચના મુજબ કામગીરી કરવાની રહેશે.**

- ધોરણ ૧ થી ૧૨ ધરાવતી સરકારી/અનુદાનીત/બિન અનુદાનીત તેમજ ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડ સાથે સંકળાયેલ રાજ્યની તમામ શાળાઓએ વિદ્યાર્થીઓની એન્ટ્રી/અપડેશન/ટ્રેકીંગની કામગીરી કરવા.
- યુઆરસી/બ્લોક એમ.આઈ.એસ.એ તાલુકા કક્ષાએથી તાલુકાની તમામ શાળાઓએ કામગીરી ચાલુ કરેલ છે કે નહી તે અને એન્ટ્રી, અપડેશન અને ટ્રેકિંગની કામગીરીનું બ્લોક એમ.આઈ.એસ એ સતત મોનીટરીંગ કરવાનું રહેશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

- જિલ્લા તથાBlock/URCના બ્લોક એમ.આઈ.એસ.અને ડેટા એન્ટ્રી ઓપરેટરે પોતાના તાલુકાની ૧૦૦% શાળાનું વેરીફીકેશન કરવાનું રહેશે.
- યુઆરસી/સીઆરસી કો.ઓર્ડિનેટરોએ CTSમાં શાળાઓમાં માત્ર એન્ટ્રી થાય છે તે સિવાય વિદ્યાર્થીઓની માહિતી સાતત્ય પૂર્ણ ભરાય છે કે નહી તેનું વેરીફીકેશન કરવાનું રહેશે.

અનટ્રેક વિદ્યાર્થીઓનું લિસ્ટ જિલ્લા/બ્લોકના લોગીનમાંથી મેળવી જે તે ધોરણના અનટ્રેક વિદ્યાર્થીઓનેશોધી તેમને જે તે શાળાના ધોરણમાં એનરોલ કરાવવાના રહેશે. જેનાથી ડ્રોપઆઉટમાં ઘટાડો કરી શકાશે.

- આ વર્ષે શાળામાં લોગીનમાં Low Claં અને Higસ્ Claં મુજબ શાળાના ધોરણ આવશે તો આપના દ્વારા ચોક્કસાઈથી ડેટા ભરાય તેનો ધ્યાન રાખવાનું રહેશે.
- જિલ્લા કક્ષાએ શાળાના મિડિયમ કેટલા કાર્યરત છે તે માટે ચાર મિડિયમ આપેલ છે. શાળાના અપડેશનમાં જે મિડિયમ બતાવેલ હશે તે શાળા લોગીનમાં બાળકોની એન્ટ્રી વખતે મિડિયમ આવશે. જો શાળા એક મિડિયમ હશે તો વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં મિડિયમ ડ્રોપડાઉનમાં સિલેકશન આવશે નહી. અને જો શાળામાં એક કરતા વધારે મિડિયમ હશે તો વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં મિડિયમ ડ્રોપડાઉનમાં સિલેકશન આવશે જેની ખાસ નોંધ લેવી.
- CTS એપ્લીકેશનમાં શાળા કક્ષાએથી ઓનલાઈન માહિતીની એન્ટ્રી/અપડેશન/ટ્રેકીંગની કામગીરી શાળા કક્ષાએથી સમયમર્યાદામાં કરાવવાની રહેશે.
- ધોરણ-૧ થી ૧૨ ધરાવતી સરકારી/અનુદાનીત/બિન અનુદાનીત તેમજ ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડ સાથે સંકળાયેલ તમામ શાળાઓએ વિદ્યાર્થીઓની એન્ટ્રી/આપડેટ/ટ્રેકીંગની કામગીરી તા.30/06/2022 સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.
- શાળાઓના વિદ્યાર્થીઓની એન્ટ્રી/આપડેટ/ટ્રેકીંગની કામગીરીના કોઈ પણ ઇસ્યુ જણાય તો નીચે જણાવેલ બ્લોક એમ.આઈ.એસ /ડેટા એન્ટ્રી ઓપરેટરનો કચેરી સમયમાં સંપર્ક કરવાનો રહેશે.

| | | | |
|---|---|---|---|
| DIST.OFFICE | BHUMIBEN BHATT | 7990946444 | USMANPURA SCHOOL NO -2, USMANPURA CROSS ROAD,AHMEDABAD |
| | SWEETYBEN SONI | 9428267319 | |
| | VIJAYBHAI RATHOD | 9712963701 | |
| WEST | SONALBEN DUDHAGARA | 8980014268 | ELISHBRIDGE SCHOOL NO -6, OPP.DIWAN BALLUBHAI SCHOOL, B/H PALDI POLICE CHOKI, PALDI, AHMEDABAD. |
| | LATABEN YADAV | 9712965802 | |
| NORTH | SONALBEN DUDHAGARA | 8980014268 | SAIJPUR SCHOOL NO-5,OPP.SAIJPUR TOWER,FADELI,SAIJPUR,AHMEDABAD |
| | RACHNABEN SHAH | 9408872497 | |
| SOUTH | TABASUMBEN VORA | 951201070 | BAGEFIRDOSH SCHOOL NO. 2, OPP. PRAKASH ESTATE, RITANAGAR, VASTRAL ROAD, NR. SURELIYA ESTATE, AMRAIWADI,AHMEDABAD |
| | KINJALBEN RANA | 9925668945 | |
| EAST | TABASUMBEN VORA | 951201070 | BAPUNAGAR SCHOOL NO.-3, NR. BAPUNAGAR LAST BUS STOP, BAPUNAGAR KHODIYARNAGAR ROAD,AHMEDABAD |
| | RACHNABEN SHAH | 9408872497 | |

તા.૨૧-૦૬-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

Learning Outcome Based CHILD Tracking System


Aadhaar Enabled DISE
Gujarat Council of Elementary Education
Sarva Shiksha Abhiyan
Govt. of Gujarat




# Std-1 Entry Module in CTS Application

09/07/2021


# School Dashboard : Manage Students Page




- શાળાના આચાર્ય/મુખ્ય શિક્ષક/વર્ગશિક્ષક દ્વારા ધોરણ-૧માં પ્રવેશ પામેલ બાળકોના ડેટા એન્ટ્રી કરતા પહેલાં બાળકોને CRS ડેટા(જન્મ પ્રમાણપત્ર-Birth Certificate) સાથે લીક કરી તે ડેટા વેરીફાઈડ કરવાના રહેશે.


  - ✓ સૌ પ્રથમ એન્ટ્રી કરવા માટે ધોરણ-૧ સિલેક્ટ કરવાનું રહેશે.
  - ✓ દરેક બાળકની ડેટા એંન્ટ્રી માટે જન્મ પ્રમાણપત્ર હોવુ જોઇએ.


# School Dashboard : જન્મ પ્રમાણપત્ર “હા” મુજબ બાળકની માહિતી





- ❑ સૌ પ્રથમ બાળકનો જન્મનું પ્રમાણપત્ર (Birth Certificate) છે કે નહી પ્રશ્ન પૂછવામાં આવેલ છે.
  - ➢ શાળાના આચાર્ય/મુખ્ય શિક્ષક/વર્ગશિક્ષક દ્વારા બાળકની એન્ટ્રી કરતા હોય ત્યારે જો બાળકનો જન્મનું પ્રમાણપત્ર હશે તો ડ્રોપડાઉનમાંથી “હા” સિલેક્ટ કરવાનું રહશે.
  - ➢ જો બાળકનું જન્મનું પ્રમાણપત્ર ના હોય તો ડ્રોપડાઉનમાં “ના” સિલેક્ટ કરવાનું રહશે.

# School Dashboard : જન્મ પ્રમાણપત્ર "હા" મુજબ બાળકની માહિતી








## જન્મ પ્રમાણપત્ર રાજ્ય/ બીજા દેશ પસંદ:

- "બાળકનું જન્મ પ્રમાણપત્ર છે?" ડ્રોપડાઉનમાં "હા" સિલેક્ટ કરતા "જન્મ પ્રમાણપત્ર મુજબ રાજ્ય/દેશ" પસંદ કરવાનું રહેશે.
- જો બાળક "ગુજરાત" રાજ્યમાં જન્મેલ હોય તો **ગુજરાત પસંદ કરવાનું રહેશે. અથવા બાળક બીજા રાજ્ય અને બીજા દેશમાં જન્મેલ હોય તે મુજબ** ડ્રોપડાઉનમાંથી પસંદ કરવાનું રહેશે.

# School Dashboard : જન્મ પ્રમાણપત્ર “હા” મુજબ બાળકની માહિતી


Student New Entry

જન્મ પ્રમાણપત્ર મુજબ બાળકની માહિતી

1).બાળકનું જન્મ પ્રમાણપત્ર છે?
1-હા
2).જન્મ પ્રમાણપત્ર મુજબ રાજ્ય
Gujarat
3).જન્મ પ્રમાણપત્ર મુજબ જીલ્લો
Banas Kantha
4).જન્મ પ્રમાણપત્ર મુજબ તાલુકો
Vav
5).જન્મ પ્રમાણપત્ર મુજબ પંચાયત
BHAKHARI
6).જન્મ પ્રમાણપત્ર મુજબ ગામ
Bhakhari
7).જન્મ નોંધણી ક્રમાંક :
52
8).જન્મ નોંધણી વર્ષ :
2015
Search Details
9).જન્મ પ્રમાણપત્ર મુજબ બાળકનું નામ:
NIKHIL
10).જન્મ પ્રમાણપત્ર મુજબ પિતાનું નામ:
PATEL BHURA UDA
11).જન્મ પ્રમાણપત્ર મુજબ માતાનું નામ:
RAMI
12).જન્મ પ્રમાણપત્ર મુજબ અટક:
13).જન્મ પ્રમાણપત્ર મુજબ જન્મ તારીખ :
26/11/2015
14).જન્મ દાખલા મુજબ બાળકની માહિતી એન્ટર કરતાં Civil Registration System(CRS) એપ્લીકેશનમાંથી બાળકની મળેલ માહિતી સાચી છે?:
----Select----

નવી એન્ટ્રી મુજબ બાળકની માહિતી


1).બાળક નું નામ:
NIKHIL
2).પિતા નું નામ:
PATEL BHURA UDA
3).માતા નું નામ:
RAMI
4).બાળક ની અટક :
બાળકની અટક
5).જન્મ તારીખ :
26/11/2015
6).શુ બાળક દિવ્યાંગ છે ?:
Select
7).દિવ્યાંગ બાળક હોય તો,વિકલાંગતાનો પ્રકાર:
[Select]
Add

- “બાળકનું જન્મ પ્રમાણપત્ર છે?” ડ્રોપડાઉનમાં “હા” સિલેક્ટ કરતા “જન્મ પ્રમાણપત્ર મુજબ બાળકની માહિતી” અને “ધોરણ-૧ની નવી એન્ટ્રી મુજબ બાળકની માહિતી” દાખલ કરવાની રહેશે.
- જો બાળક “ગુજરાત” રાજ્યમાં જન્મેલ હોયતો, **જન્મ પ્રમાણપત્ર મુજબ બાળક ગુજરાતના કયા જિલ્લા,** તાલુકા, પંચાયત અને ગામમાં જન્મેલ છે તે અને જન્મ નોધણી ક્રમાંક(Birth Registration number) દાખલ કરવાનું રહેશે.
- જન્મ દાખલા મુજબ બાળકની માહિતી એન્ટર કરતાં Civil Registration System એપ્લીકેશનમાંથી પ્રમાણપત્ર મુજબ ડેટા API દ્વારા ડેટા મેળવી બાળકનું નામ, પિતાનું નામ, માતાનું નામ, અટક, અને જન્મ તારીખ વિગેરે માહિતી ભરાઈ જશે.

# School Dashboard : જન્મ પ્રમાણપત્ર “હા” મુજબ બાળકની માહિતી


- જન્મ દાખલા મુજબ બાળકની માહિતી એન્ટર કરતાં Civil Registration System એપ્લીકેશનમાંથી પ્રમાણપત્ર મુજબ ડેટા સાચો હોય તો ડ્રોપડાઉનમાં “હા” સિલેક્ટ કરવાનું રહેશે.
- જન્મ દાખલા મુજબ બાળકની માહિતી એન્ટર કરતાં Civil Registration System એપ્લીકેશનમાંથી પ્રમાણપત્ર મુજબ ડેટા API દ્વારા ડેટા મેળવી બાળકનું નામ, પિતાનું નામ, માતાનું નામ, અટક Blank હોય અને જન્મ તારીખ મળે તો ડેટા સાચો છે તેમ સમજી ડ્રોપડાઉનમાં “હા” સિલેક્ટ કરવાનું રહેશે.
- જન્મ દાખલા મુજબ બાળકની માહિતી એન્ટર કરતાં Civil Registration System એપ્લીકેશનમાંથી પ્રમાણપત્ર મુજબ ડેટા સાચો હોય તો ડ્રોપડાઉનમાં “હા” સિલેક્ટ કરવાનું રહેશે.
- જો **બાળક બીજા રાજ્ય અને બીજાદેશમાં** જન્મ થયેલ હોય તો નોધણી ક્રમાંક(Birth Registration number) દાખલ કરી **“CTS એપ્લીકેશનની નવી એન્ટ્રી મુજબ બાળકની માહિતી”** મુજબ બાળકનું નામ, પિતાનું નામ, માતાનું નામ, અટક, અને જન્મ તારીખ વિગેરે માહિતી દાખલ કરવાની રહેશે.

# School Dashboard : Std-1 Entry




- ❑ બાળકના જન્મ પ્રમાણપત્ર મુજબ માહિતી ઓટેમેટીક "**ધોરણ ૧ની નવી એન્ટ્રી મુજબ બાળકની માહિતી**" આવી જશે.
- ❑ બાળકની જન્મ પ્રમાણપત્ર મુજબ માહિતીમાં સુધારો જણાયતો "Birth certificate details"માં સુધારો કરી શકાશે નહી.
- ❑ જેમાં બાળકનું નામ, પિતાનું નામ, માતાનું નામ, અટક, જન્મ તારીખમાં ફેરફાર જણાય તો "**ધોરણ ૧ની નવી એન્ટ્રી મુજબ બાળકની માહિતી**"માં સુધારો કરવાનો રહેશે.
- ❑ ત્યારબાદ, ધોરણ-૧ માટે બાળકની એંન્ટ્રી કરવા માટે બાળકનું નામ, પિતાનું નામ, માતાનું નામ, અટક, જન્મ તારીખ દાખલ અને બાળક દિવ્યાંગ છે કે નહી તે સિલેક્ટ કરવાનું રહેશે.
- ❑ ત્યારબાદ "Add" બટન ઉપર ક્લિક કરતાં **જન્મ પ્રમાણપત્ર મુજબ બાળકની માહિતી** મુજબનો ડેટા અને "**ધોરણ-૧ની નવી એંન્ટ્રી મુજબ બાળકની માહિતી**" માટેનો ડેટા CTS એપ્લીકેશનમાં સ્ટોર થશે.

# School Dashboard : Std-1 Entry




## Manage Students

| | | | |
|---|---|---|---|
| 1).પ્રવેશ નંબર: પ્રવેશ નંબર | 2).બાળકનું નામ: RAMESH | 3).પિતાનું નામ: MAHSHBHAI | 4).માતાનું નામ: LILABEN |
| 5).બાળકની અટક: PATEL | 6).હેબિટેશન (ગ્રામ્ય/શહેરી): હેબિટેશન (ગ્રામ્ય/શહેરી) | 7).આધાર યુનિક કોડ-૧૮ અંકનો: | 8).જન્મ તારીખ(dd/mm/yyyy): 15/06/2014 |
| 9).પ્રવેશ તારીખ(dd/mm/yyyy): (dd/mm/yyyy) | 10).જાતિ: [Select] | 11).સામાજિક જાતિ: [Select] | 12).પેટા જાતિ: |
| 13).ભારત સરકારનો આધાર(UID)-૧૨ અંકનો: ભારત સરકારનો આધાર UID | 14).ધર્મ: [Select] | 15).શું બાળક ગરીબી રેખા હેઠળ(BPL) છે?: ----Select---- | 16).વંચિત જૂથ?: ----Select---- |
| 17).RTE હેઠળ બાળક મફત શિક્ષણ મેળવે છે?: NA | 18).ચાલુ વર્ષનું અભ્યાસનું ધોરણ: 1 | 19).અભ્યાસનો વર્ગ?: [Select] | 20).ગત વર્ષનું અભ્યાસનું ધોરણ: 99 |
| 21).પૂર્વ પ્રાથમિક શિક્ષણની સ્થિતી: ----Select---- | 22).ગત વર્ષની હાજરી(દિવસમાં): વર્ષ 2020-21 ની હાજરી(દિવસમાં) | 23).શિક્ષણનું માધ્યમ: [Select] | 24).દિવ્યાંગ બાળક હોય તો,વિકલાંગતાનો પ્રકાર: 99-NA |
| 25).વિકલાંગતાનું પ્રમાણપત્ર છે?: ----Select---- | 26.A).દિવ્યાંગ બાળકોને આપેલ સહાય: [Select] | 26.B).દિવ્યાંગ બાળકોને આપેલ સહાય: [Select] | 27).પાઠ્ય પુસ્તકોનો સેટ મફત આપેલ છે?: ----Select---- |
| 28).કેટલા જોડ ગણવેશ આપ્યા છે?: ----Select---- | 29).મફત પરિવહનની સુવિધા આપેલ છે?: ----Select---- | 30).મફત અનુરક્ષણ ની સુવિધા આપેલ છે?: ----Select---- | 31).મફત છાત્રાલયની સુવિધા આપેલ છે?: ----Select---- |
| 32).STP અંતર્ગત ખાસ તાલીમ મેળવેલ છે?: ----Select---- | 33).શું બાળક બેઘર છે?: ----Select---- | 34).બાળક/વાલીનો બેંક AC નં(7-20 અંકનો): બાળક/વાલીનો બેન્ક એકાઉન્ટ નંબર(7-20 અંક | 35).એકાઉન્ટ ધારકનું નામ(બેંક પાસબુક મુજબ): એકાઉન્ટ ધારકનું નામ(બેંક પાસબુક મુજબ) |
| 36).બેંક નું નામ: [Select] | 37).શાખા નું નામ: | 38).IFSC કોડ(૧૧ અંકનો): | 39).બાળકના વાલીનો મોબાઈલ નં: બાળક ના વાલીનો મોબાઈલ નંબર |
| 40).વર્ષ 2021-2022 માટે બાળક સ્થિતી: 1-આ શાળામાં જ | Save Clear | | |

- "Add" બટન ઉપર ક્લિક કરતા CTS એપ્લીકેશનના ધોરણ-૧ મુજબ બાકીના ફિલ્ડ ઓપન થઇ જશે.
- જો ડેટા બાળકનું નામ, પિતાનુંનામ, માતાનું નામ, બાળકની અટક, જન્મ તારીખ ફિલ્ડથી CTS એપ્લીકેશન ચેક કરશે કે આ બાળકની બીજી વખત(Duplicate) એંન્ટ્રી થતી નથી.
- જો ડેટા સિસ્ટમમાં હશે તો કઇ શાળામાં એંન્ટ્રી કરેલ છે તે મેસેજ બતાવશે.
- આવા બાળકોને ટ્રેક કરવાના રહેશે.


# School Dashboard : જન્મ પ્રમાણપત્ર “ના” મુજબ બાળકની માહિતી




- ➢ શાળાના આચાર્ય/મુખ્ય શિક્ષક/વર્ગશિક્ષક દ્વારા બાળકની એન્ટ્રી કરતા હોય ત્યારે બાળકનું જન્મનું પ્રમાણપત્ર નહી હોય તો “ના” સિલેક્ટ કરશે.

- ➢ જન્મ પ્રમાણપત્ર ન હોવાના કારણ લખો અથવા જન્મ પ્રમાણપત્ર ક્રમાંક (Registration No) દાખલ કરતા બાળકનો ડેટાના બતાવવા કારણ

# School Dashboard : જન્મ પ્રમાણપત્ર "ના" મુજબ બાળકની માહિતી




- જન્મ પ્રમાણપત્ર "ના" સિલેક્ટ કરતાં જન્મ પ્રમાણપત્ર ન હોવાના કારણ ડ્રોપડાઉનમાં આપેલ છે તે સિલેક્ટ કરવાના રહેશે.
- જો કારણ "જન્મ પ્રમાણપત્ર કઢાવેલ નથી" અને "જન્મ પ્રમાણપત્ર ખોવાઇ ગયેલ છે" તે સિલેક્ટ કરતાં બાળકનો જન્મ પ્રમાણપત્ર ક્રમાંક (Registration No) દાખલ કરવાનો રહેશે નહી.
- ત્યારબાદ, ધોરણ-૧ માટે બાળકની એંન્ટ્રી કરવા માટે બાળકનું નામ, પિતાનું નામ, માતાનું નામ, અટક, જન્મ તારીખ દાખલ અને બાળક દિવ્યાંગ છે કે નહી તે સિલેક્ટ કરવાનું રહેશે.
- જો કારણ "બાળક બીજા રાજ્યમાંથી આવેલ" છે તે સિલેક્ટ કરતા બાળકનો જન્મ પ્રમાણપત્ર ક્રમાંક (Registration No) ફરજીયાત દાખલ કરવાનો રહેશે.
- ત્યારબાદ, ધોરણ-૧ માટે બાળકની એંન્ટ્રી કરવા માટે બાળકનું નામ, પિતાનું નામ, માતાનું નામ, અટક, જન્મ તારીખ દાખલ અને બાળક દિવ્યાંગ છે કે નહી તે સિલેક્ટ કરવાનું રહેશે.
- ત્યારબાદ "Add" બટન ઉપર ક્લિક કરતા ધોરણ-૧ માટે બાળકની એંન્ટ્રી કરવા માટેના CTS એપ્લીકેશનના ધોરણ-૧ મુજબ બાકીના ફિલ્ડ ઓપન થઇ જશે.